ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૯ ટકા

# એલઈડીના સથવારે અજવાળી ઉઠેલું સે-૨૪નું શાકમાર્કેટ

**ડિઝલ જનરેટરના જોખમી અને ઘોંઘાટભર્યા ખર્ચાળ કનેકશનથી મુકિત : સફેદ દૂધિયા પ્રકાશને કારણે ગ્રાહકોને સારું શાક પસંદ કરવામાં સહુલિયત**



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સેકટર-૨૪માં શાકમાર્કેટ રાત્રે એલઈડી લાઈટના સથવારે ઝળહળી રહ્યું છે. એલઈડી લાઈટના આગમનને કારણે શાકભાજીની લારીઓવાળાઓને ખર્ચમાં બચત થવા સાથે વધુ સારું અજવાળું તે પણ ખલેલ રહિત પ્રાપ્ત થઈ રહેતા ગ્રાહકોને પણ તેનો ફાયદો મળી રહ્યો છે.

સેકટર-૨૪નું શાકમાર્કેટ તેની આસપાસના વિસ્તારમાં મહિલાઓની શાકખરીદી માટે પસંદગીનું બજાર છે જે રાત્રે પણ અંદાજે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહે છે. સાંજના સમયે અહીં ગ્રાહકોની ખૂબ મોટી ભીડ જોવા મળે છે. અને શહેરના અન્ય શાકમાર્કેટ કરતા વધુ તાજુ અને સસ્તુ શાક અહીં મળી રહેતું હોવાનો અનેક ગૃહિણીઓનો દાવો છે. અત્યાર સુધી આ શાકમાર્કેટમા શાકની લારીઓવાળાઓ દ્વારા પોતપોતાની લારી પર રાત્રિના સમયે વેપાર કરવા માટે ડિઝલ જનરેટર ઓપરેટરો પાસેથી ભાડે મળતી લાઈનથી અજવાળું કરતા હતા. આ ડિઝલ જનરેટરના ઓપરેટરો દ્વારા શાકમાર્કેટની બાજુમાં ખુલ્લી જગ્યામાં સતત જનરેટરો ચલાવવામાં આવતા હતા જેમાંથી લારીઓવાળાને લાંબા ઈલેકટ્રીક વાયરો માર્કેટની જમીન પર લારીઓ વચ્ચે બિછાવીને કનેકશન આપવામાં આવતા હતા. અને તેનું દિવસ દીઠ રૂ. ૨૦ થી ૩૦ જેટલું ભાડુ વસુલવામાં આવતું હતું. આ વાયરો ગ્રાહકોને માર્કેટમાં ચાલતી વખતે પગમાં આવતા જેથી વીજ કરંટ લાગવાનો ભય રહેતો તેમજ વાયરો ખેંચાઈ જવાને કારણે વારે ઘડીએ લાઈટ બંધ થઈ જવાની સમસ્યા પણ સતત વિતરકોને સતાવતી હતી. વળી, ડિઝલ જનરેટરોના ઘોંઘાટભર્યા અવાજોને કારણે પણ ગ્રાહકો પરેશાનીનો ભોગ બનતા હતા અને અવાજનું પ્રદુષણ ફેલાતું હતું. હવે એલઈડી લાઈટ આવી જતા આખી સીસ્ટમમાં ધરમૂળથી ફેરફાર આવી ગયા છે.

એલઈડીના આગમનને કારણે હવે ડિઝલ જનરેટરોની છુટ્ટી થઈ ગઈ છે અને જોખમરૂપ વાયરો તેમજ ઘોંઘાટભર્યા અવાજ પણ હટી જતા શાકમાર્કેટનું વાતાવરણ શાંત અને સુગમ બની જવા પામ્યું છે. હવે એલઈડીના સથવારે શાકવિતરકો પોતાની લારી પર ઓછી પરેશાનીએ વધુ સારો સફેદ દૂધિયો પ્રકાશ રેલાવી રહ્યા છે. જેના કારણે ગ્રાહકોને પણ શાકભાજીની સ્થિતિ સ્પષ્ટ દેખાતી થવાથી આનંદિત બન્યા છે. હવે દરેક લારી પર બેટરીથી ચાલતી એલઈડી સર્કિટ જોવા મળી રહી છે. જેના કારણે શાકમાર્કેટની રોનક બદલાઈ જવા પામી છે. વળી આ લાઈટ માટે દરરોજ માત્ર રૂ.૧૦ના ભાડામાં ચાર્જ કરેલી બેટરી મળી રહે છે અને એલઈડી લાઈટનો ખર્ચ એક જ વાર માટે અંદાજે રૂ. ૧૫૦ જેટલો આવે છે જે વસાવી લીધા પછી તેમાં મેન્ટેનન્સ ખર્ચ પણ ખૂબ ઓછો રહે છે.

### ઓછો ખર્ચ, ઓછું જોખમ અને વધુ સારો પ્રકાશ

એલઈડી લાઈટ ચલાવવા માટે દિવસ દીઠ માત્ર રૂ.૧૦ના ભાડે ફુલ ચાર્જ કરેલી બેટરી મળે છે. બેટરી થકી મેન્ટનન્સ રહિત સફેદ દૂધિયો પ્રકાશ લાંબા સમય સુધી રેલાય છે જેથી લારીવાળા સાથે ગ્રાહકોને પણ રાહત અનુભવાય છે.

## @ગાંધીનગર

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે ફૂલોની ફોરમના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૧૨ના રોજ ફૂલોના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● વિશ્વ હિંદુ પરિષદની બેઠક સાંજે ૭.૪૫ કલાકે સે-૨૨ ગુરુકુળ સ્કુલ પોલીસ ચોકીની સામે મળશે.

● અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે માનવ જીવનમાં આધ્યાત્મ વિશે જયોતિબેન થાનકી દ્વારા પ્રવચન સાંજે ૬.૧૫ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

## સિવિલમાં એકસ-રે મશીન બંધ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. એક સમસ્યા પુરી થાય છે ને બીજી સમસ્યા સામે જ ઉભી હોય છે. એકસ રે મશીન બગડયુ હોય તો પણ દર્દીઓને હાલાકી અને મશીન છે તો દિવાલમાં ભેજ આવવાને કારણે મશીન બંધ થતા પણ હાલાકી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેડીયોલોજી વિભાગને અગાઉથી જ સીટીસ્કેન મશીન ફીટ કરવા માટે તૈયાર કરી દેવામાં આવ્યો હતો પરંતુ ત્યાં દિવાલમાં ભેજ આવવાને કારણે હાલની સ્થિતિએ એક મહિનાથી કરોડો રૂપીયાનું સીટીસ્કેન મશીન ધુળ ખાઈ રહ્યું છે, તો છેલ્લા બે ત્રણ દિવસથી એકસ-રે મશીન વારંવાર ખોટવાઈ જવાના કિસ્સા સામે આવી રહ્યા છે. જેને પગલે દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગતરોજથી એકસ-રે મશીનમાં ટેકનીકલ ખામી સર્જાતા મશીન બંધ થઈ જતા ૫૦થી વધુ દર્દીઓના એકસ-રે પડી શક્યા નહોતા. તો આજે સવારે થોડો સમય એકસ-રે મશીન કાર્યરત થયા બાદ ફરી તેમા ખામી સર્જાતા બંધ પડી ગયું હતું. જેથી કલાકો સુધી લાઈનમાં બેસી રહેલા દર્દીઓને ઘરે પરત ફરવાનો વારો આવ્યો હતો. તો કેટલાક દર્દીઓને ઈમરજન્સી હોવાથી ખાનગી હોસ્પિટલમા જઈને એકસ-રે પડાવવાની ફરજ પડી હતી. વારંવાર મશીન ખોટવાતા દર્દીઓ તેમજ સ્ટાફને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. તો દર્દી અને સ્ટાફ વચ્ચે મશીન બંધ થઈ જતા અનેકવાર ચકમક પણ ઝરતી હોવાના બનાવ નોંધાયા છે. ત્યારે એકસ-રે મશીન સત્વરે શરુ થાય તેની રાહ દર્દીઓ જોઈ રહ્યા છે.



ગાંધીનગર શહેરના સેકટર-૫ એ ખાતે આવેલા પંચમુખી મહાદેવ મંદિરે રાધા-કૃષ્ણ મંડળ દ્વારા અલગ અલગ ચીજવસ્તુના કલાત્મક હિંડોળા બનાવી ભકિત ભાવપૂર્વક ઉજવણી મંદિરમાં કરવામાં આવે છે.આ હિંડોળા બનાવવામાં આયોજક નિરૂબેન નાયક અને મંડળના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ધાર્મિક ઉત્સવમાં વસાહતી ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.



## વરૂણદેવને રીઝવવા ઉવારસદ ગામે યજ્ઞ

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતે અંત્રેશ્વર મહાદેવજીના મંદિરે મેઘરાજાને રીઝવવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ સંસ્કૃતિમાં યજ્ઞ અને અનુષ્ઠાનોનું આગવું મહત્વ રહેલું છે. જેમાં શ્રધ્ધાળુઓની આસ્થા જોડાયેલી હોય છે. હાલ ગાંધીનગર જિલ્લા સહિત રાજયના અનેક ભાગોમાં વરસાદ ખેંચાતા ચિંતાનજક સ્થિતિ ઉભી થવા પામી છે ત્યારે વરૂણદેવને રીઝવવા બ્રાહ્મણો દ્વારા સંપૂર્ણ વિધિવિધાન પૂર્વક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ કરવામાં આવ્યો હતો જેની પૂર્ણાહુતિ બાદ ગામના દરેક ઘરે ધૂપ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં દર્શનાર્થે આવેલા ગ્રામજનોએ વરૂણદેવ સત્વરે તેમની પ્રાર્થનનો સ્વીકાર કરી તરસતી ભૂમિને વરસાદના નિર્મળ નીરથી તૃપ્ત કરે તેવી અપેક્ષા સેવી રહ્યા છે.

## ભાવસાર મિત્ર મંડળના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૭

ભાવસાર મિત્ર મંડળ, ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં મંડળના વાર્ષિક હિસાબો, વાર્ષિક અહેવાલ તથા આગામી કાર્યક્રમોના આયોજન નક્કી કરવામાં આવ્યા હતા.સદ્ગતોને શ્રધ્ધાંજલિ તેમજ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૮-૨૦૨૦ માટે નવી કારોબારી હોદેદારો ની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ પોપટલાલ, ઉપપ્રમુખ તરીકે જનકભાઈ ચીનુભાઈ, રાજેશભાઈ દશરથલાલ, મંત્રી તરીકે જયપ્રકાશ ચિમનલાલ, સહમંત્રી તરીકે જગદીશચંદ્ર ચિમનલાલ, રાકેશભાઈ મનુભાઈ, ખજાનચી તરીકે ગોંવિદભાઈ ચુનીલાલ, ઓડિટર તરીકે મનહરલાલ. કે. ની વરણી કરવામાં આવી છે.

## ગલુદણ પાસે ડેરીના શ્રમિક કર્મચારીનો આંબાના ઝાડ ઉપર ફાંસો ખાઈ આપઘાત

**ડેરીમાંથી રજા લઈને વતન જવા નીકળેલા શ્રમિક યુવાને કરી લીધેલા આપઘાતનું કારણ અકબંધ**

ગાંધીનગર, તા.૭

ડભોડા નજીક આવેલા ગલુદણ ગામની સીમમાં કમલ ડેરી નજીક ડેરીના જ એક શ્રમિક કર્મચારીએ આંબાના ઝાડ ઉપર ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ૨૦ વર્ષીય યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ રહસ્યમય છે. શ્રમિકે રવિવારે ડેરીમાંથી પોતાના વતન ઉત્તર પ્રદેશ જવા માટે રજા હતી. ત્યાર બાદ તે ત્યાંથી નીકળી ગયો હતો. દરમિયાન આજે સવારે ડેરી નજીક જ આ ઝાડ પર લટકતો તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

ગલુદણ ગામની સીમમાં આવેલી કમલ ડેરીમાં કામ કરતા ૨૦ વર્ષિય શ્રમિક યુવાન ચંદન અશોકભાઈ કશ્યપે રવિવારે ડેરીમાંથી ઉત્તર પ્રદેશ પોતાના વતન જવા માટે રજા લીધી હતી. ત્યારબાદ ડેરીમાંથી નીકળી ગયેલા આ યુવાનના કોઈ સગડ ન હતા. દરમિયાન આજે સવારે ડેરી નજીક જ એક આંબાના ઝાડ ઉપર લટકેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ ડેરી સંચાલકોને થતા સંચાલક જગદીશભાઈ રાધેશ્યામ અગ્રવાલે આ ઘટના સંદર્ભે ડભોડા પોલીસને જાણ કરી હતી. ડભોડા પોલીસ મથકના જમાદાર વિરજીભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ ઝાડ પરથી ઉતારી પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ કરી છે.

## વૃક્ષયાત્રામાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન તેમજ





વનશ્રી સંસ્થા ના કાર્યકર્તાઓ ગુજરાત સરકાર આયોજિત વનમહોત્સવ માં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. બીબીએના વિદ્યાર્થીઓએ ગાંધીનગરના તમામ સેક્ટરમાં ઘર ઘર સુધી યાત્રાના ભાગ રૂપે પંહોચી લોકોને વૃક્ષના છોડ આપ્યા હતા. તેમજ કેટલાક જાહેર સ્થળો જેમકે મંદિર, શાળાઓમાં પણ વૃક્ષારોપણ કર્યું હતું. વનવિભાગ દ્વારા તમામ છોડ નાગરિકોને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવતા વિદ્યાર્થીઓનો તેમજ તમામ ગાંધીનગર વાસીઓનો વૃક્ષારોપણ માટેનો ઉત્સાહ જોતા જ ઉર્જા અનુભવાતી હતી. લોકો છોડ પ્રેમપૂર્વક લઈ જતા હતા. અને તેઓને છોડ રોપણી બાબતે માર્ગદર્શિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓએ પર્યાવરણની જાળવણી માટે વૃક્ષ બચાવવા અનિવાર્ય છે. તેથી નાગરિકોને આ બાબતે વધુ પ્રયત્નશીલ બનવા અપીલ કરી હતી. અને લીમડો, આસોપાલવ, તુલસી, ગુલમહોર, સેવંત જેવા છોડની રોપણી કરી હતી. વિદ્યાર્થીઓએ સમગ્ર યાત્રા દરમ્યાન સુત્રોચ્ચાર દ્વારા વાતાવરણ જીવંત બનાવી દીધું હતું.

સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા વનસંરક્ષક અતુલ અમીન તેમજ બી.એન.દેસાઈ વન વિભાગ તરફથી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.

વૃક્ષયાત્રામાં વિદ્યાર્થીઓને જોડવા માટેનું આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના, ડો. માર્ગી દેસાઈ, પ્રો. નિવેદિતા રાવલ, પ્રો. શીતલ પટેલ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

## પેન્શનર સમાજના ૩૦મી ઓગષ્ટના આંદોલનને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીનો વ્યાપક ટેકો

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકારે ૧૯૮૬માં નીતિ વિષયક નિર્ણય લીધો હતો કે રાજય સરકાર હવેથી કેન્દ્ર સરકારના ધોરણે સંપૂર્ણતા પેન્શનર તથા કર્મચારીઓ માટે પગારપંચનો અમલ કરશે તે મુજબ ૭મા પગાર પંચનો અમલ રાજય સરકારે કરવાનો થાય છે. સરકારે અંશતઃ અમલ કરેલ છે તે પ્રમાણે ઓપ્શન-૧નો અમલ કરવો, તબીબી ભથ્થુ કેન્દ્રના ધોરણે રૂ. એક હજાર આપવું, જાન્યુઆરી-૨૦૧૮થી ૨ ટકા મોંઘવારી ભથ્થું જાહેર કરવું, કેન્દ્ર સરકારની જેમ પેન્શનર કુટુંબ પેન્શનરના અવસાન બાદ નિરાધાર, ત્યકતા, વિધવા, અપરિણીત પુત્રીને આજીવન પેન્શન આપવું, કેન્દ્રના ધોરણ પગાર પંચ મુજબ ઘરભાડુ, શહેરી ભથ્થુ અન્ય ભથ્થા આપવા, રાજયના એસ.ટી. નિગમ દ્વારા પેન્શન અને ૫૦ ટકા કન્સેશન આપવું પેન્શનર સમાજ ફેડરેશન, સે-૭-ડીના નિવૃત્ત સરકારી અધિકારી મંડળે રજુઆત કરવા છતાં જવાબ પાઠવવાનું સૌજન્ય દાખવેલ નથી.

તા.૩૦મી ઓગસ્ટે સવારે દશ વાગે ગાંધીનગર શહેર પેન્શનર સમાજ સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરનાર છે. મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવાનું આહવાન કરેલ છે તેને ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડી સંપૂર્ણ ટેકો આપે છે. આંદોલનમાં સક્રિય ભાગ લેવા અનુરોધ કરેલ છે. ગાંધીનગરની તમામ અગ્રણી સંસ્થાઓને સાથ આપવા વિનંતી છે.

રાજય સરકારનું પેન્શનર પ્રત્યે નકારાત્મક વલણ છે તેને મંડળ વખોડે છે તેમ પ્રમુખ જયંતભાઈ ભટ્ટે જણાવેલ છે.

### ચક્ષુદાન

ગાંધીનગર શહેરના રાંદેસણ વિસ્તારમાં આવેલા શ્રી રંગ ઓસીસ સી-૨૦૩ ઉં.વ.૪૮ માં વસવાટ કરતા રાજેશકુમાર કાંતિલાલ નાયીનું દુખદ અવસાન થયુ છે. સદ્ગતના કુટુંબીજન જેસલ આર.નાયીની સમંતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો.મેઘા પટેલે પુરી પાડી છે. જુસીકાના કાર્યકર વિરેન બ્રહ્મભટ્ટ તેમજ શનિ વાઘેલા સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા માટે સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચડવાનું ભગીરથ કાર્ય વિનોદ વાઘેલાએ કર્યું હતું.

### અવસાન નોંધ

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના દરજી રાકેશભાઈ ડાહ્યાલાલ, દરજી મનીષભાઈ ડાહ્યાલાલ, દરજી લાલભાઈ ડાહ્યાલાલના મોટા ભાઈ દરજી મહેન્દ્રભાઈ ડાહ્યાલાલનું તા. ૫-૮-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૯-૮-૨૦૧૮ને ગુરુવારે સવારે ૯ થી ૧૨ કલાક સુધી શ્રી અચલેશ્વર મહાદેવ, દરજીવાસ, મોટી બજાર પેથાપુર ખાતે રાખેલ છે.

### ચિરવિદાય

- સ્વ. ચંપાબેન ભગુભાઈ શ્રીમાળી, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ અમથીબેન માધવદાસ, ઉ.વ. ૯૭
- સ્વ. વાઘેલા પુંજીબા દિપુજી, ઉ.વ. ૭૫
- સ્વ. પરબતભાઈ ડાહ્યાભાઈ ભંગી, ઉ.વ. ૫૪
- સ્વ. યોગીનીબેન કરશભાઈ પરમાર, ઉ.વ. ૩૪
- સ્વ. નયનાબેન ગીરીશકુમાર જાની, ઉ.વ. ૫૮

# પાર્કિંગ ઝુંબેશમાં બહારગામ નોકરી કરતા શહેરીજનોને અન્યાય

**શહેરની ચો તરફ યોગ્ય પાર્કિંગ વ્યવસ્થાનો સદંતર અભાવ, બહારગામ જતા નોકરીયાતો પોતાના જોખમે વાહન પાર્ક કરીને જાય છે : તંત્ર પહેલા પાર્કિંગની વ્યવસ્થા કરે પછી જ કાર્યવાહી તે ન્યાયોચીત ગણાશે**

ગાંધીનગર, તા.૭

રાજયમાં ટ્રાફીક સમસ્યાનો નીવેડો લાવવા પોલીસ તેમજ સ્થાનિક તંત્ર જોરદાર પ્રયાસ કરી રહ્યું છે. જેમાં દબાણ અને ગેરકાયદેસર વાહન પાર્કિંગ સોફટ ટાર્ગેટ રહ્યા છે. રાજયના પાટનગર ગાંધીનગરમાં પાર્કિંગની ચોકકસ વ્યવસ્થાનો પહેલેથી જ સદંતર અભાવ રહ્યો છે જેથી મુખ્ય માર્ગો સહિત શહેરની ચોતરફ ગેરકાયદેસર પાર્કિંગ થઈ રહ્યા છે જેમાં વળી શહેરમાં વસતા અને બહારગામ નોકરી કરતાં નોકરીયાતો પોતાના જોખમે શહેરના પ્રવેશ દ્વારો નજીક પોતાનું વાહન પાર્ક કરીને જાય છે જેથી તંત્ર દ્વારા પહેલા પાર્કિંગની વ્યવસ્થા કરાય અને પછી જ કાર્યવાહી કરે તે શહેરની રચના મુજબ ન્યાયોચીત ગણાશે તેવું લોકો જણાવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં મુખ્ય મુખ્ય જાહેર સ્થળો સિવાય કોઈ જ જગ્યાએ પાર્કિંગ અંગેની વ્યવસ્થા પહેલેથી જ આયોજીત નથી. શહેરનો વિકાસ અને વસ્તીમાં થયેલા વધારા પછી હાલમાં ટ્રાફિક સમસ્યા ઉભી થઈ રહી છે તે માટે તંત્ર સાબદું બનીને ગેરકાયદેસર દબાણો અને પાર્કિંગ અંગે દડનાત્મક કાર્યવાહી કરી રહ્યુ છે પરંતુ શહેરમાં વસતા અને બહારગામ નોકરી કરતાં નોકરીયાતો પોતાનું વાહન લઈ પીકઅપ બસ સ્ટેન્ડ સુધી આવે છે અને ત્યાં પોતાના જોખમે વાહન પાર્ક કરીને જાય છે અને સાંજે પરત આવતા બસસ્ટેન્ડથી પોતાનું વાહન લઈ ઘરે પરત ફરે છે. આ સિલસિલો ઘણા વર્ષોથી યથાવત છે પરંતુ તંત્ર દ્વારા આવા પીકઅપ પોઈન્ટ કે શહેરના પ્રવેશદ્વારો નજીક કાયદેસર પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાઈ નથી. હાલમાં દબાણો અને પાર્કિંગ અંગેની ચાલી રહેલી ઝુંબેશમાં બહારગામ નોકરી કરતાં આ શહેરીજનોના વાહનો વિરુધ્ધ કાર્યવાહી થાય તે અન્યાયી ગણાશે તેવું તેઓ જણાવી રહ્યા છે.

ડગલે ને પગલે વધી રહેલી શહેરીજનોની સંખ્યા અને વાહનો શહેરના માર્ગો ઉપર ટ્રાફીકમાં થયેલા ધરખમ વધારા માટે કારણભૂત બન્યા છે ત્યારે તંત્ર દ્વારા શહેરમાં પાર્કિંગ પોઈન્ટની સુચારૂ વ્યવસથા જલદીથી હાથ ધરાય તે જરુરી બન્યું છે. જેમાં વળી બહારગામ જતા નોકરીયાતોના વાહનોને પાર્કિંગ મુદ્દે દંડવા કરતાં પહેલા તેમને કાયદેસર પાર્કિંગની સુવિધા પુરી પાડવામાં આવે તે ન્યાયોચીત ગણાશે તેવું તેઓ જણાવી રહ્યા છે.

